જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૨/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૦૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૯૯૩	૪૨	૭૫૦૩૫	૭૬૧૦૭	૪૦	૭૬૧૪૭
કુલ		૯૧૫૮૯	૪૨	૯૧૬૩૧	૧૦૦૬૩૪	૪૦	૧૦૦૬૭૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૬	૫,૩૯,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૭૯	૨,૭૯,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૦૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૧૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૧૧/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ સંજયભાઈ નટવરભાઈ વાળંદ (ઉ.વ.૩૦) (રહે.સેરથીયા વાસ રાધે-ક્રીષ્ણા મંદીરની બાજુમાં ઓગણજ) એ તા.૧૯/૧૨/૨૦૨૧ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૭૮૫૮૯૬૬૩૦૯ ના ધારકે સંજયભાઈ વાળંદને ફોન કરી એચડીએફસી બેંક કસ્ટમર કેર માંથી વાત કરતા હોવાની ઓળખ આપી એચડીએફસી બેંક દ્વારા ક્રેડીટ કાર્ડ આપવામા આવે છે તેમ કહેતા સંજયભાઇ વાળંદએ ક્રેડીટ કાર્ડ મેળવવાની વાત કરતા તેઓએ સંજયભાઈ વાળંદના મોબાઈલમાં “ANY DESK REMOTE DESKTOP SOFTWARE” નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી પ્રોસેસ કરવાનુ જણાવી એપ્લીકેશનમાં બેન્ક સાથે રજીસ્ટર થયેલ સંજયભાઈનો મોબાઈલ નંબર જનરેટ કરાવી સંજયભાઈ વાળંદના બેંક ખાતામાંથી અલગ-અલગ ટ્રાંજેક્શન કરી કુલ રૂપિયા ૬,૧૪,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૩૧૨/૨૦૨૧**

ઓઢવઃ મનીષભાઇ આત્મારામભાઇ વાળંદ (રહે. સીમા પાર્ક અંબિકાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૨૦૨૧ બપોરના ૨/૧૫ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની જાળી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી એપલ કંપનીનો મોડલ I Phone 12 મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

<u>ચોથા માળથી પડી જતા મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૩૧૩/૨૦૨૧</u>**

વટવાઃ વટવા ડેરીયાપરા કુશલ આવાસ ફલેટ ખાતે રહેતા પ્રભાતભાઈ શિવાભાઈ સોલંકી નાઓની તેર વર્ષની પુત્રી કાજલ તા.૧૯/૧૨/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ચોથા માળની ગેલેરીમાંથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડોશ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૩૧૪/૨૦૨૧</u>**

શાહપુરઃ લક્ષ્મીબહેન વા/ઓ મનોજભાઈ યાદવ (ઉ.વ.૩૦) (રહે.ચુનારાનો ખાંચો શાહપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૧ સાંજના ૬/૩૦ થી ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.સિસોદીયા ચલાવે છે.

ગોમતીપુરઃ આંચલબહેન ડો/ઓ દિપકભાઈ વ્યાસ (ઉ.વ.૧૫) (રહે. જેઠા મહેતાની પોળ હોળી ચકલા પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૧ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એચ.શેખ ચલાવે છે.

રામોલઃ ગુંજ સ/ઓ ભાવીનભાઇ પંચાલ (ઉ.વ.૧૪) (રહે. અક્ષરધામ ફ્લેટ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૧ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૨/૨૦૨૧ કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.